# આધુનિક ગુજરાતી નવલકથા : એક અભ્યાસ

ડો. જયશ્રીબેન શંકરભાઈ પટેલ

સાહિત્યએ જીવનનો અરીસો છે. એ વિધાન અનુસાર જીવન અને જગતમાં જે કંઈ પણ બને છે એનો પ્રભાવ સાહિત્યમાં પડયા વિના રહેતો નથી. સાહિત્ય એ જીવન સાથે અવિરત પણે જોડાયેલ છે. કહો કે સાહિત્ય અને જીવન એક સિક્કાની બે બાજુઓ છે. ઈ.સ ૧૯૪૦ થી આધુનિકતાનાં લક્ષણો પ્રગટ થવા માંડયા હતા. આધુનિકતા એ ગુજરાતી સાહિત્યમાં રાતોરાત બની ગયેલી ઘટના નથી પણ એના પાછળ ચોકકસ પરીબળો રહેલા છે. ઔદ્યોગિક ક્રાંતિ નવજાગૃતિની ઘટના, વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ, બબ્બે વિશ્વયુદ્ધોની અસર, દેશના ભાગલા વખતની સામૂહિક હત્યાઓ વગેરે પરીબળોની પ્રત્યક્ષ નહિ એટલી પરોક્ષ અસર આપણે જીલી છે. આ બધા પરીબળોને લીધે એક નૂતન વિચારધારાનો આવિર્ભાવ થાય છે. ચારેતરફ જે વૈચારિક ક્રાંતિ સર્જાય છે એમાંથી જ આધુનિકતા જન્મ લે છે. મનુષ્યજીવનની વેદના, વ્યથા, એકલતા, સંવેદનશૂન્યતા, પરાયાપણું જીવનની નિરર્થકતા વગેરે જેવા ભાવો સાહિત્યમાં સ્થાન લે છે.

સાહિત્યમાં આધુનિકતાનો પ્રવેશ કવિતા દ્વારા થયેલો જોઈ શકાય છે. સાહિત્યમાં આધુનિકતાનો પ્રચાર કરનાર પ્રથમ ફ્રેન્ચ કવિ બોદલેર હતા. બીજા વિશ્વયુદ્ધ પછી પશ્ચિમના દેશોમાં માનવીની હતાશા અને વિભકતતા સ્પષ્ટ જોવા મળતી હતી. લગભગ તેવો જ ભાવ બૌદ્ધિકો, સર્જકોને પણ અનુભવવા મળ્યો. ગુજરાતી સાહિત્યમાં દેશની આઝાદી પછીનો દોઢ દાયકો એટલે કે આશરે ૧૯૬૦ સુધીનો સમયગાળો આધુનિક સાહિત્યનાં બીજા રોપણનો રહ્યો છે. ત્યાંથી લઈને ચાર દાયકા ગુજરાતી સાહિત્યમાં આધુનિક યુગ તરીકે ઓળખાય છે.

સુરેશ જોષીએ નવલકથાના સ્વરૂપને આધુનિક બનાવવાનું અને એ દિશામાં પ્રસ્થાન કરનારી બે નોંધપાત્ર કૃતિઓ 'છિન્નપત્ર', અને 'મરણોતર' આપીને એમણે ગુજરાતી નવલકથાને નવી દિશા આપી છે. ઈ.સ. ૧૯૫૫ માં એમણે નવલકથાના નાભિશ્વાસની વાત કરી. પરિણામે નવી નવલકથા આકાર સભાન બની. કૃતિમાં રચનારીતિ અને ભાષાનો સર્જનાત્મક વિનિયોગ પણ અનિવાર્ય લેખાયો પરંપરાગત નવલકથાઓ કરતાં સ્પષ્ટપણે જુદો અનુભવ કરાવનારી કેટલીક નવલકથાઓમાં સુરેશજોષીની 'છિન્નપત્ર' થી લઈને ત્યારપછીના લાભશંકર ઠાકર, કિશોરજાદવ, રઘુવીર ચૌધરી, મુકુન્દ પરીખ, ચંદ્રકાન્ત બક્ષી, હરિન્દ્ર દવે, શ્રી કાન્તશાહ, મધુરાય , રાવજી પટેલ, ચિનુમોદી, રાધેશ્યામ શર્માની નવલકથાઓ અનુક્રમે 'કોણ?', 'નિશાચક્ર ', ' અમૃતા','મહાભિનિષ્ક્રમણ', ' આકાર',' પળનાપ્રતિબિંબ', 'અસ્તી', 'ચહેરા',' અશ્રુધર', 'ભાવઅભાવ',' ફેરો','સ્વપ્નતીર્થ' વગેરેને સાહિત્યના અભ્યાસીઓ આધુનિક કૃતિઓની હરોળમાં દર્શાવે છે.

ચંદ્રકાન્ત બક્ષી એ નવી નવલકથાની ભૂમિકા રચી આપી છે. 'આકાર', એમની નોંધપાત્ર કૃતિ છે. એનો નાયક યશ ન.શાહ આધુનિક છે. સમાજની રૂઢિ સામે બંડ પોકારે છે. માંસ, મદિરા, અને વેશ્યાગમન નાયકને મન તદ્દ્ન સાહજિક બાબત છે. મનુષ્યોથી ઉભરાતા આ વિશ્વમાં નાયક યશ ન. શાહને સતત એકલતાનો અનુભવ થાય છે. તે દર્દ, એકલતા

અને વેદનાથી ઘેરાયેલો મનુષ્ય છે. જગત અને જીવન તેને ધ્યેયહીન અને નિરર્થક લાગે છે. આમ, નાયકમાં પ્રગટ થતા કેટલાક આધુનિક વલણોને લીધે આ કૃતિ આધુનિક બનવા પામી છે.

રઘુવીર ચૌધરીની 'અમૃતા' નવલકથામાં લેખકે વર્તમાન સમયના ત્રણ બુદ્ધિજીવી પાત્રો અમૃતા , ઉદયન અને અનિકેતના જીવનની કરૂણતાને આકારીત કરી છે. આ ત્રણે પાત્રો એકબીજા સાથે પ્રેમ સંબંધે સંકળાયેલા છે. પરંતુ સર્જકે એને રૂઢ અર્થમાં નહી પણ વિશિષ્ટ અર્થમાં આ ત્રણેય પાત્રોના આંતરજીવનની વૈયકિતક સમસ્યાઓ મનુષ્યની અસ્તિત્વમૂલક સમસ્યાને બતાવવાનો પ્રયાસ કર્યો છે.

મધુરાય ચૈતસિક વાસ્તવ અને કલાની ભૂમિકા સાથે સભાનતાથી સર્જન કરનાર આધુનિક ગુજરાતી સર્જક છે. એમ નિઃશંક પણે કહી શકાય. ચંદ્રકાન્ત બક્ષીની 'આકાર' માં રહેલી ક્ષતિઓ મધુરાયે 'ચહેરા' માં સુધારી છે. 'ચહેરા' ના નાયક નિષાદ ના જીવનમાંથી બનથી અનેક સૂક્ષ્મ ઘટનાઓમાં સર્જકે આધુનિકતાના દર્શન કરાવ્યા છે. નાયક નિષાદ એક મનુષ્ય તરીકે જીવવા મથી રહે છે. જીવનમાં દરેક પ્રસંગે એણે પોતે પહેરેલા પોષાક ને બદલતો હોય એ રીતે તેણે ચહેરો બદલવો પડે છે. જે એના માટે અસહ્ય છે. જીવનના કડવા અનુભવોમાંથી જ તે જીવનના સત્યને પામે છે. જીવનમાં તે મૃદુ, શ્રીલેખા અને ઋતુ નામની અનેક છોકરીઓના સંપર્કમાં આવે છે. પણ સ્નેહ નામનો પદાર્થ પામી શકતો નથી. આ બધા આઘાતો સંવેદનશીલ નિષાદ જીરવી શકતો નથી. કેટલા બધા ચહેરાઓ વચ્ચે પણ તે સતત એકલતા, વિચ્છિન્નતા, પરાયાપણાનો અનુભવ કરે છે. અને આજ સ્થિતિ તેને જીવનની નિભ્રાંત અવસ્થા સુધી લઈ જાય છે.

શ્રી કાન્ત શાહની 'અસ્તી'લઘુનવલની પણ આ સંદર્ભે નોંધ લઈ શકાય . ઘટના વિહીન કથાતત્વનો પ્રયોગ સર્જકે આ લઘુનવલમાં કર્યો છે. જીવનની નિરર્થકતા અને મૃત્યુ અંગેનું ચિંતન નવલકથામાં રજૂ થયું છે.

મુકુંદ પરીખે 'મહાભિનિષ્ક્રમણ' લઘુનવલ આપી છે. એમાં માતા ચંદન , પત્નિ રમા અને પ્રેયસી સરોજ સાથેના નાયક ઓમિતના સંબધોની કથા છે.લઘુનવલમાં નાયકના આંતરચેતના પ્રવાહનું સક્ષ્મ નિરૂપણ થયું છે. અમિતના લગ્ન રમા સાથે થાય છે .પણ તેનું દામ્પત્યજીવન સફળ થતું નથી. રમા મૃત્યું પામે છે. પણ અમિતનું સ્ત્રી સંબંધોનું વળગણ કદી છૂટતું નથી. કથાનાયક અમિત મેડિકલમાં અભ્યસાસ કરતી સરોજને પામવાની તીવ્ર ઝંખના સેવે છે. લઘુનવલના અંતે સરોજ સામેથી જ લગ્નનો પ્રસ્તાવ લઈને આવે છે. ત્યારે અમિત એ પ્રસ્તાવને સ્વીકારી શકતો નથી. કારણ કે એ પોતાની જાતીય વૃતિઓમાંથી જ મહાભિનિષ્ક્રમણ આદરે છે.

રાધેશ્યામ શર્માની 'ફેરો' એક પ્રયોગશીલ લઘુનવલક છે. નવલકથામાં 'હોવા' નો કંટાળો વ્યકત થયો છે. અમદાવાદની એક પોળમાં રહેતું એક દંપતી પોતાના એકના એક મૂંગા પુત્રને લઈને કોઈક તીર્થસ્થાને બાધા કરવા જાય છે. રેલવેની મુસાફરી દરમ્યાન ગાડી તેના નિશ્ચિત સ્થાને પહોંચે તે પહેલાં જ બાળક ગુમ થઈ જાય છે. બાળક ગુમ થયાની પ્રતીતિ થતા જ કથાનાયક ચાલતી ગાડીને સાંકળ ખેંચીને રોકવા સાંકળ તરફ હાથ લંબાવે છે. પણ સાંકળ ખેંચવી કે નહિ તેની અનિર્ણાયકતા ભરી દશામાં જ રહી જાય છે. 'ફેરો' નો નાયક લેખક છે. સંવેદનશીલ મનુષ્ય છે. દાંપત્યજીવનમાં નિષ્ફળ નીવડેલો નાયકને પોતાના વાચાહીન બાળક પ્રત્યે અપાર સ્નેહ હોય છે. અને ત્યારે જ તે ખોવાઈ જાય છે. અને તેથી જ

નાયક જીવનમાં શૂન્યતાનો , એકલતાનો , રિકતતાનો અનુભવ કરે છે. આમ, કદમાં નાનાકડી લાગતી ' ફેરો' લઘુનવલ વિરાટને ચીંધે છે. એમ જરૂરથી કહી શકાય.

કિશોરજાદવની 'નિશાચક્ર' આઠમાં દાયકાની એક સરરિયલ લઘુનવલ છે. આ પ્રકારની કથામાં ઘટનાનો કોઈ ચોક્કસ આકાર બંધાવાને બદલે સ્વપ્ન દશ્યો અને કપોલ –કલ્પિત ઘટનાઓનું નિરૂપણ હોય છે. આધુનિક માનવીની કરૂણતા તીવ્ર સંવેદનરૂપે 'નિશાચક્ર' માં લેખકે બળવાન પ્રતીકો , સ્વપ્નદશ્યો વગેરે દ્વારા આકારીત કરી છે.

રાવજી પટેલની 'અશ્રુઘર' અને 'ઝંઝા' બંન્ને લઘુનવલો જાણીતી છે. લઘુનવલમાં ઘટનાઓનું સંકલન આ કૃતિને પરંપરા શૈલીની કૃતિ ગણવા પ્રેરે છે. જયારે એમાં નિરૂપેલું ભાવવિશ્વ વાર્તાનાયક સત્યના સંવેદનને પ્રતીક અને કલ્પનોથી આધુનિક લાગે છે. ' ઝંઝા' નો નાયક સર્જક છે. તેને નવલકથા લખવાની અભિલાષા છે.સર્જક રાવજી પટેલની સભાન સર્જકતાનો લાભ કથાનાયક પૃથ્વીને મળેલો છે. એમ કહી શકાય. ડાયરીના માધ્યમથી આખી કથા નિરૂપણ પામી છે. દર્દ, વેદના, પ્રેમ, સંબંધ શૂન્યતા, એકલતા , પરાયાપણું,આદિ માનુષ્યિક ભાવોને સર્જકે શબ્દોના માધ્યમથી કલાત્મક ઘાટ આપ્યો છે.

ભગવતીકુમાર શર્માની 'સમયદ્વીપ', 'ઉર્ધ્વમૂલ', નવલકથાઓ ગુજરાતી કથાસાહિત્યમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. 'સમયદ્વીપ' માં ગ્રામસંસ્કૃતિનાં બદલાયેલા જીવનમૂલ્યોનો સંઘર્ષ નિરૂપાયો છે. 'ઉર્ધ્વમૂલ' ભગવતીકુમાર શર્માની યશસ્વી અને કીર્તિદા કૃતિ બની શકી છે. કથાના કેન્દ્રમાં નિર્મૂલનની સમસ્યા છે. ક્ષમા, કૃણાલ, નિહાર જેવા જીવનમાં મૂળિયાં નાખી ન શકેલા સ્ત્રીપુરુષોની વેદના, પીડા, એકલતા, તેમજ વિષાદમય મનઃ સ્થિતિનું વાસ્તવદર્શી નિરૂપણ નવલકથામાં જોવા મળે છે.

આમ, આધુનિક નવલકથાઓમાં જેની સહેજે ગણના કરી શકાય એવી કૃતિઓમાં 'આકાર', 'અમૃતા', 'છિન્નપત્ર', 'ચહેરા','અસ્તી', 'કોણ?', 'મહાભિનિષ્ક્રમણ','ફેરો','પળના પ્રતિબિંબ', 'અશ્રુઘર','નાઈટમેર','ટાઈમ –બોમ્બ', 'વડવાનલ', 'વાંસનો અંકુર', 'વિવર્ત', 'ચિહ્ન', 'સમયદ્વીપ', 'ઉર્ધ્વમૂલ', 'ભાવ અભાવ', 'ચાસ પક્ષી', 'વિસ્તરતી ક્ષિતિજો', 'કાફલો', 'ધૂધવતા સાગરના મૌન', વગેરે છે. આમ, સાંપ્રત ગુજરાતી નવલકથાઓનો અભ્યાસ કરતા જણાશે કે આ તમામ નવલકથાઓમાં રજૂ થયેલા પાત્રોની વૈચારિકતા, ઘટના, તેમજ સર્જકનું દષ્ટિબિંદુ વગેરેને ચકાસતા આ કૃતિઓ આધુનિક બનવા પામી છે. એમ જરૂર કહી શકાય.